હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮ ૧૧૦(ગુજરાત)

નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ ના લોકલ ફંડ ઓડીટ દરમ્યાન ઉદભવેલ પ્રાથમિક વાંધાઓ તથા તેના જવાબો બાબતે ચર્ચા કરવા તા.૧૬/૭/૨૦૧૫ના રોજ બેઠકમાં હાજર રહેવા બાબત.

## પરિપત્ર

આથી તમામ યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨નુ ઓડીટ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદ ધ્વારા હાથ ધરવામાં આવેલ અને ઓડીટ દરમ્યાન ઉદ્ભવેલ પ્રાથમિક વાંધાઓ જે તે કચેરીને ઓડીટરશ્રી ધ્વારા આપવામાં આવેલ હતા.

ઉકત નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ લોકલ ફંડ ઓડીટ દરમ્યાન ઉદભવેલ પ્રાથમિક વાંધાઓના જવાબ બાબતે ચર્ચા કરવા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર અને સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદ સાથે <u>તાઃ૧૬/૭/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે વી.સી.કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન ખાતે બેઠકનું આયોજન કરેલ છે.</u> આથી તમામ યુનિટ અધિકારીશ્રીઓએ તેમના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી સાથે નીચે દર્શાવેલ પત્રકમાં શ્રુતિ ફોન્ટમાં માહિતી તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સાથે ઉકત બેઠકમાં હાજર રહેવાનું રહેશે. ઉકત પત્રકમાં તૈયાર કરેલ માહિતી જરૂરી આધાર પુરાવા સાથેની એક નકલ અત્રેની કચેરીને <u>તાઃ૪/૭/૨૦૧૫ સુધીમાં હાર્ડ તેમજ સોફટ</u> કોપીમાં અચુક પણે મોકલી આપવાની રહેશે.

| કચેરીનુંનામઃ- | | ઓડીટ વર્ષ :- ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| પ્રાથમિક વાંધા નંબર | પ્રાથમિક વાંધાની વિગત | કચેરી ધ્વારા આપવામાં આવેલ પ્રાથમિક વાંધાનો જવાબ |
| | | |
| | | |
| પ્રાથમિક વાંધાઓના જવાબ માટે જરૂરી આંધાર પુરાવા પત્રક સાથે સામેલ કરવા | | |
| ઉપાડ અને ચુકવણા અધિકારીની સહી | | યુનિટ અધિકારી/કચેરીના વડાની સહી |

પ્રાથમિક વાંધાઓના જવાબ જરૂરી આધાર પુરાવા સાથે તૈયાર કરવા જેથી ઉકત બેઠક દરમ્યાન પ્રાથમિક વાંધાઓ અંગે સંતોષકારક જવાબો કરી પ્રાથમિક વાંધાઓ માંડવાળ કરી ઓડીટ પેરાઓનું કદ ઘટાડી શકાય. વધુમા ઉકત બાબતે ટોચ અગ્રીમતા આપવા આથી જણાવવામાં આવે છે.

સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની નોંધ પર મળેલ મંજુરી અન્વયે જારી કરવામાં આવે છે.

(સહી)
હિસાબ નિયામક

જા.નં.આકૃયુ/હિનિ/લોકલ ફંડ ઓડીટ/ ૨૦૧૧-૧૨/૨૨૯ /
આણંદ., તારીખઃ-૨૬/૬/૨૦૧૫.

<u>નકલ સવિનય રવાના</u> :-

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
૨. નિયામકશ્રી,ઈન્ફર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ.,આણંદ તરફ સદરહુ પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારૂ.
૩. સહાય નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી,સેવા સદન, ત્રીજા માળ, બોરસદ ચોકડી, આણંદ તરફ તાઃ૧૬/૭/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે બેઠકનું આયોજન કરેલ છે, જે જાણ થવા સારૂં.

<u>નકલ રવાના</u> :-

૧. તમામ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને ઉકત બેઠકમાં જવાબ સાથે હાજર રહેવા સારુ.
૨. ઓડીટ ઓફિસરશ્રી, હિસાબ નિયામકશ્રીની કચેરી, આ.કૃ.ય.,તરફ બેઠકની જરૂરી વ્યવસ્થા કરવા સારૂં.